॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૫ — જુલાઇ ૧૯૮૪ — અંક ૧

## વાલીઓને,

### જાહેર પરીક્ષા અને મુલ્યાંકન–આઘાતો :

શિક્ષણની પ્રક્રીયામાં પરીક્ષા એક એવું અંગ છે જેનું પ્રાધાન્ય એક અત્યંત અસરકારક પરિબળ બની ગયું છે. આ પરિસ્થિતિ આવકારદાયક નથી પરંતુ તેને હાલ દૂર કરી શકાય તેમ પણ નથી.

શિક્ષણનો વ્યાપ વધતાં પરીક્ષા–મુલ્યાંકન એક કોયડો બની ગયો છે એસ.એસ.સીમાં ત્રણેક લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા એ નાનીસુની વાત નથી. તેનાં પરીક્ષકોની સંખ્યા જોતાં મુલ્યાંકનનું ધોરણ એક સરખું રહી ન શકે તે સ્વીકારવુ રહ્યું. બોર્ડમાં 'રિચેકીંગ' અત્યંત પ્રમાણિકતાપૂર્વક થાય છે. તેનો અનુભવ થયો છે. પણ મુલ્યાંકનનું ધોરણ આટલી મોટી સંખ્યામાં પરીક્ષકો હોય ત્યારે એક સરખું કેવી રીતે રહે? વ્યક્તિગત ખ્યાલ ચોકસાઇ અને વિશ્વસનીયતાથી કામ કરવાના ધોરણોમાં ફેર પડવાનો જ.

આ બધું જાણવા છતાં એકાદ-બે ગુણથી બાળકનું બોર્ડમાં ન આવવું થોડાં ગૂણનાં ફેરમાંજ પોતે વર્ષોથી સ્વપ્નો સેવ્યા હોય તે વિદ્યા શાખામાં પ્રવેશ ન મળવો વગેરે બાબતોનો સ્વીકાર કરવો મુશ્કેલ બને છે મુખ્યત્વે બાળકમાં આનાથી જે નિરાશા આવે છે, તેને દુર કરતા ઘણો સમય લાગે છે.

આટલી વિશાળ સંખ્યાને લાગતું વળગતું હોય ત્યારે આવા અનપેક્ષિત પરિણામ આવે એવી સમજ સમાજ ...ળવે, પરીક્ષા પહેલાં મોટી અપેક્ષાઓ ઉભી ન થાય તે જુએ ...ને એકાદવાર અનપેક્ષિત પરીણામ આવે તો ભવિષ્યમાં ... એવું જ બને તેવી પૂર્વ ધારણા કરવાની મનોવૃત્તિ ...ી ન થાય તેની કાળજી રાખવી જોઇએ. અંતે તો જ્ઞાન ...વવું મહત્વનું છે. તેના ઉપરનું લેબલ ભારે મહત્વનું ... એ ખ્યાલ પ્રબળ બને તે જરૂરતું છે.

—દિનુભાઇના વંદન

### સુખ કે દુ:ખ ?

આભ ઝરે ભલે આગ,
હસી હસી ફુલ ઝરે ગુલમ્હોર
ભાઇ રે, આપણાં દુ:ખનું કેટલું જોર ?

કવિશ્રી રાજેન્દ્ર શાહની સુખદુ:ખ વિશેની કેટલી સ્પષ્ટ વાત ! ગગનમાંથી ધગધગતાં અંગારાની જેમ સૂરજનો તાપ વરસી રહયો છે. રસ્તો સૂનકાર છે. કયાંય પંખીનો કલરવ નથી. સૌ કોઇ ઘરમાં ભરાઈને બેઠાં છે. ત્યારે રસ્તાની એક બાજુ ઊભેલો પેલો ગુલમ્હોર તેનાં ફુલ વરસાવે છે, ને તે પણ હસતાં હસતાં, ગરમીની તેને અસર કયાં છે?

પ્રકૃતિનાં આ ઉદાહરણથી શું માનવી પ્રેરણા ન લઈ શકે ? ગુલમ્હોર પણ આ બધીજ મુશ્કેલીનો સામનો કરતું ફુલડા વેરી તેનું હાસ્ય પ્રદર્શીત કરે છે, કરી શકે છે તો શું આપણે માનવી મુશ્કેલીનો સામનો કરી હસતાં ન રહી શકીએ ?....મુસીબતોને ધારીએ તો બે હાથ વચ્ચે મસળી ન શકીએ ?

જીવનની ઘટમાળ, તો ચાલ્યા જ કરે છે. "ઊચી નીચી ફર્યા કરે છે. જીવનની ઘટમાળ, ભરતી તેને ઓટ છે, ઓટ પછી જુવાળ"

જીવનમાં સુખ પછી દુ:ખ આવે જ છે. જેમ દિવસ પછી રાત, સુખ અને દુ:ખ એ આ દુનિયાનાં અનેક દ્વન્દ્વોમાંનું એક છે, સિક્કાની બે બાજુ છે, પણ તેથી હિંમત હારે કેમ ચાલે? દુ:ખ તો ક્ષણિક છે.

"જિંદગી ઝિંદાદીલીનું નામ છે.
જીવવું એ તો મર્દનું કામ છે"

ગુલાબ કાંટાની વચ્ચે રહેતું હોવા છતાં હસતું રહે છે, તેની સુવાસ ફેલાવતુ રહે છે. તો માનવ ધારે તો શું ન કરી શકે ?....

કવિતા કેસરીભાઇ શાહ ધો. ૧૦

# પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ



ભારતની ગરવી ગુર્જરભૂમિમાં મૂઠી ભર મૂઠી ઊંચેરા માનવીઓએ જન્મ લઈ ભારતદેશનું નામ રોશન કર્યુ. તેમનો એક રવિશંકર મહારાજ. રવિશંકર મહારાજનો જન્મ સંવત ૧૯૪૦ની મહાશિવરાત્રી એ ખેડા જીલ્લાના રઢુ ગામે થયો હતો. તેમનું મૂળ નામ હતું રવિશંકર વ્યાસ પરંતુ લોકો તેમને 'મહારાજ' 'દાદા' વિગેરે વિશેષણોથી સંબોધતા. તેમનાં પિતાશ્રી શિવરામભાઈ વ્યવસાયે શિક્ષક હતા. તેઓ વિદ્યાર્થીને પુત્ર સમાન ગણતા. સુટેવોનો પાયો તો તેઓએ જ રવિશંકરમાં નાંખ્યો હતો. માતા નાથીબા ખૂબ મહેનતુ, સંસ્કારી અને ધાર્મિકવૃત્તિવાળા હતા.

રવિશંકર બાળપણથી જ નીડર. ખડતલ અને સેવાભાવી હતા. ઘરનું કે ગામનું કોઈપણ કામ કરવામાં તેઓ નાનમ ન રાખતા. રવિશંકર મહારાજને તરવાનો ભારે શોખ હતો.

૧૮૯૭માં ૧૩ વર્ષની વયે મહારાજે સૂરજબેન સાથે લગ્ન કર્યા. સાહસિક અને પરોપકારી હોવાથી ભણવામાં ધ્યાન ઓછુ હતું. રવિશંકર મહારાજ માત્ર છ જ ચોપડી ભણ્યા હતા. બહુ નાની વયે તેઓએ માતાપિતાનું છત્ર ગુમાવ્યું કવિ શ્રી છોટાલાલ અને શ્રી મોહનલાલ પંડયાના સંપર્કમાં આવતા શ્રી પંડયાનું લખેલું ગાંધીજી વિશેનું પુસ્તક વાંચ્યું આથી તેમના જીવનમાં નવો વળાંક આવ્યો રવિશંકર મહારાજ ઈ. સ ૧૯૧૬માં પ્રથમવાર ગાંધીજીના સંપર્કમાં આવ્યા. ઈ.સ. ૧૯૧૯માં રાષ્ટ્રવ્યાપી રોલેટએકટ લડત ઉપાડવા ગાંધીજીએ રવિશંકરને ખેડા જીલ્લામાં ગામેગામ હિંદ સ્વરાજ્યની પુસ્તિકા પહોંચાડવાનું કામ સોંપ્યુ દરેક પુસ્તક પર મહારાજ પોતાનું નામ અને સરનામુ લખી વહેંચતા હતા. ત્યારથી તેઓ સ્વરાજવાળા તરીકે ઓળખાયા

હવે તેઓને એક નવી દિશા મળી હતી. હિંદ સ્વરાજનો પ્રચાર કરવાનું કામ તેમણે માથે લીધુ મોભાદાર પોષાક ઉતારી સાદાઇ અપનાવી ને વિદેશી કપડાની હોળી કરી જાતે કાંતી લીધેલા સૂતરની ખાદી પહેરવાનો સંકલ્પ કર્યો. મહારાજે રેંટિયો ગામેગામ ઘેરઘેર પહોંચાડવાની ઝુંબેશ ઉપાડી વિદેશી દારૂની દુકાનો પર તથા વિદેશી કાપડની દુકાનો પર પીકેટીંગ કર્યું સુણાવ તથા મહેમદાવાદમાં રાષ્ટ્રીયશાળા સ્થાપી મહારાજે કોતરોમાં ભમી ભમીને અનેક બહારવાટિયાઓને સુધાર્યા ઈ.સ. ૧૯૪૧માં જ્યારે કોલેરા ફાટી નીકળ્યો ત્યારે મહારાજે તેમના સ્વયંસેવકો સાથે જાનની પણ પરવા કર્યા વગર ખૂબ જ સેવા કરી. બનાસકાંઠા જીલ્લામાં જ્યારે દુકાળ પડયો ત્યારે મહારાજે દિવસરાત સતત પરિશ્રમ કરી કૂવાઓ અને બોરિંગ કરાવી લોકોને રાહત આપી ત્યારથી લોકો તેમને બોરિંગવાળા મહારાજને નામે ઓળખવા માંડયા ઇ.સ. ૧૯૪૧ અને ઇ.સ. ૧૯૪૭ એમ બે વખત મોટાં હુલ્લડો ફાટી નીકળેલા. મહારાજ હુલ્લડો ન કરવા સમજાવતા અને હુલ્લડમાં મૃત્યુ પામેલાને જાતે જ અગ્નિસંસ્કાર કરતા.

ઇ.સ. ૧૯૨૩માં નાગપુર ઝંડા સત્યાગ્રહ માટે તેમને સાત માસની સજા થઇ આ તેમનો પહેલો જેલવાસ. પછી તો મહારાજે ગાંધીજીની દરેક લડતમાં ભાગ લઈ જેલમાં ગયા જેલમાં તેઓ સવારથી સાંજ સુધી કોઇ કામમાં લાગ્યા રહેતા હતા. તેમણે જેલમાં એક આદર્શ સત્યાગ્રહીનું ઉદાહરણ પૂરૂ પાડયું.

આવા મહાન પુરૂષનો જીવનદીપ તા. ૧-૭-૮૪નાં દિવસે બુઝાઈ ગયો.

વંદન હજો આવા મહા પુરૂષને.

નીપા મૃગેશભાઇ શાહ ધો. ૭ બ

* * *

**પ્રતિષ્ઠા કોઇની આપી અપાતી નથી. એ તો કર્તવ્ય પાલનમાંથી સ્વાભાવિક રીતે નીપજનારી વસ્તુ છે; અને એ જ સાચી પ્રતિષ્ઠા છે.**

— પૂ. રવિશંકર મહારાજ

## શાળા છૂટી અને........

નાનકડો કુણાલ ઘણી બધી રજાઓની મજા માંણ્યા પછી આજે નિશાળે આવ્યો હતો ને શાળા છૂટવાનાં છેલ્લા કલાકથી તો ક્યારે ઘંટ વાગે ને જલ્દી જલ્દી ઘેર પહોંચી જાઉં અને માને વળગી પડુ તેની જ રાહ જોતો હતો, આખરે ઘંટ વાગ્યો. સૌ બાળકો દોડતાં વર્ગની બહાર પહોંચી ગયા. ને જલ્દી જલ્દી તેમને લેવા આવનાર ...કે માણસ સાથે એક પછી એક વિદાય થવા માંડ્યા ...ની નજર ઝાંપા તરફ જ મંડાયેલી હતી. 'હમણાં ...મી આવશે, હમણાં મોટાભાઈ આવશે, ના, ના, કદાચ ... પણ આવે'........ પણ કેમ કોઇ જ દેખાતું નથી! આખી નિશાળ ખાલી થવા આવી ... અરે! બધાં જતાં પણ ...ાં પણ મને લેવા કેમ કોઇ ન આવ્યુ? મારી મમ્મી મને ભૂલી ગઇ હશે? ભાઇ કેમ નહિ આવ્યો હોય? રામુ ...સ્તામા તેના ભાઈબંધ સાથે વાતો કરતો હશે? હવે હું શું કરીશ? કેવીરીતે ઘેર જઇશ?" ને તેની આંખો ભરાઈ આવી, તેને ડૂસકાં આવવાં લાગ્યાં.......

"કુણાલ શું થયુ? કેમ રડે છે?" તેના શિક્ષકે પુછયું, "મને કોઇ લેવા આવ્યું જ નથી"........ ને કુણાલ ...સકે ધ્રુસકે રડી પડયો....

શાળા માટે આ પ્રસંગ એક દિવસનો નથી દરરોજ નો છે. ને ત્યારે સહેજે વિચારવાનું મન થાય કે વાલીપક્ષે ...ાવી અવ્યવસ્થા શાથી?.... શાને કારણે?.... ક્યાં તો ...ળકને દૂરની શાળામાં મૂકવાનો મોહ જતો કરવો પડે ...ે તેને સમયસર શાળાએ પહોંચાડવાનું, પાછાં લાવવા ...વ્યવસ્થિત આયોજન કરવું પડે નહીં તો પરિણામ, ...જે શાળા છૂટયા પછી બાળકોને વ્યવસ્થિત ઘરે ...ાની શાળાને પડતી મુશ્કેલીઓ ને તેનાથી ય વધુ ...ળકનાં મનમાં તેનાં માબાપને મન તેનું મહત્વ કેટલું ...ાછું છે. તેની રચાતી એક ગ્રંથિ, માબાપ માટેનો અવિશ્વાસ, ...વિષ્યમાં તેને પરિણામે ઊભાં થતાં અનેક પ્રશ્નો....

**ઉર્મિલા શાહ**

## ઇંગ્લેંડની વાત

...ગ્લેંડની આ વાત છે. તે સમયે ઇંગ્લેંડમાં ચર્ચિલ ... નેતા એટલિન વચ્ચે ચૂંટણી ચાલે. તે ચૂંટણીમાં ...ર થઇ અને એટલીન ચૂંટાઇ આવ્યા વળી ... એક ખાસિયત, તેઓ જ્યારે રેલ્વેમાં મુસાફરી ... ત્રીજા વર્ગમાં બેસે અને તેમનો પુત્ર કાયમ ... બેસે, એ જોઈ એક માણસે એટલીનને પૂછ્યું,' ... તમે તો હંમેશા ત્રીજા વર્ગમાં મુસાફરી કરો ... પુત્ર પ્રથમ વર્ગમાં મુસાફરી કરે છે. આવું ...ાને હસીને કહ્યું, "અરે! તેની અને મારી ...મણી થાય? હું તો એક સાદા મજૂરનો પુત્ર છુ અને ... એક પ્રધાનનો પુત્ર છે" આટલું કહી એટલીન ત્યાંથી ...લ્યાં ગયા.

**સંકલન રોનક શાહ ૬ બ**

## વાડીલાલ આઈસ્ક્રીમ ફેક્ટરીની મુલાકાત

નાના મોટાં પ્રવાસોથી આપણને જેમ ઘણું જાણવાનું મળે છે તેમ અમને વાડીલાલ આઈસ્ક્રીમ ફેક્ટરીની મુલાકાતથી પણ ઘણું જાણવાનું મળ્યું.

અમે કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ શિક્ષક અને શિક્ષિકાઓ તા. ૧૫-૩-૮૪ને દિવસે આ મુલાકાતે ગયા શાળામાંથી અમે લગભગ ૧૨-૧૫ વાગે નીકળ્યાં ને સ્કુલ બસમાં બેસીને ત્યાં લગભગ ૧૨-૪૫ વાગે પહોંચ્યા.

આ આઈસ્ક્રીમ શુદ્ધ દુધ, મલાઇ, ખાંડ અને દૂધનાં પાવડરમાંથી બનાવવામાં આવે છે ને તે કેવી રીતે બનાવવામાં આવે. તે અમને સમજાવવામાં આવ્યું ઉપરાંત તેઓએ અમને એમ પણ સમજાવ્યું કે આ આઈસ્ક્રીમ ગમે તેટલો ખાઈએ તો પણ અપચો થતો નથી. આઇસ્ક્રીમ કેવી રીતે બનાવાય છે, કેવી રીતે ઠંડો રખાય છે, તે બધું જ અમને સરસ રીતે જોવા મળ્યું, ને આ બધું જોતી વખતે અમારા કુતુહલનો તો કોઇ પાર ન હતો ફેક્ટરી જોઈ લીધા પછી અમને બધાંને કાજુ દ્રાક્ષનો આઈસ્ક્રીમ આપવામાં આવ્યો તેની મજા માણયાં બાદ અમે બસમાં ગોઠવાયાં અને બપોરે ૨ વાગે શાળામાં પાછાં ફર્યા.

આ પ્રવાસમાં અમને ઘણું બધું જ્ઞાન મળ્યું હતું આ પ્રવાસ મને હંમેશને માટે યાદ રહી જશે.

**નીરજ પ્રદીપભાઈ શોધન ધો. ૫ અ**

અનુસંધાન પાન-૪ પરથી

**પ્રવચન :-**

તા. ૩૦-૩-૮૪ને શુક્રવારના રોજ ઈન્ટરેક્ટ ક્લબના ઉપક્રમે કું નંદિતા વ્હોરાનું 'મારો જાપાનનો પ્રવાસ' વિષય ઉપર પ્રવચન યોજવામાં આવ્યું વિદ્યાર્થીઓને તેમાંથી ઘણી માહિતી જાણવા મળી.

**સ્લાઈડ શો :-**

તા. ૩૧-૩-૮૪ને શનિવારનાં રોજ શાળામાં યુરોપના પ્રવાસનો સ્લાઈડ શો યોજવામાં આવ્યો. જે વિદ્યાર્થીઓએ ખૂબ માણ્યો.

**પપેટ શો :-**

શ્રી એલા શોધન શ્રી મનીષા બાસુ તથા શ્રી માલા શોધન આયોજીત પપેટ શો તા. ૧૨-૪-૮૪નાં રોજ બાલમંદિરના અને તા. ૧૬-૪-૮૪નાં રોજ પહેલાં ધોરણનાં બાળકો માટે યોજવામાં આવ્યો. બાળકોને તેમાં ખૂબ રસ પડયો.

**વિદાય સમારંભ :-**

તા. ૨૬-૩-૮૪નાં રોજ શાળામાંથી વિદાય લઈ રહેલાં ધોરણ-૧૨નાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓનાં માનમાં વિદાયસમારંભ યોજવામાં આવ્યો, જે પ્રસંગે નિયામક શ્રી હિનુભાઈ દવે તથા મુખ્ય શિક્ષક શ્રી દેવેન્દ્રભાઇ ઠાકરે પ્રાસંગિક પ્રવચનો કર્યા.

# સંસ્થાકીય સમાચાર

## અભિનંદન

માર્ચ એપ્રીલ ૧૯૮૪માં લેવાયેલી ન્યુ. એસ. એસ. સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં આપણી શાળાનાં ગૌરવવંતા વિદ્યાર્થીઓ

### ન્યુ. એસ. એસ. સી. પરીક્ષા



શાહ શીતલ અશોકભાઈ
૫૩૧/૬૦૦ ૮૮ ૫૦%
ગુણ મેળવી બોર્ડમાં ૮મો અને કેન્દ્રમાં ચોથો નંબર મેળવે છે અભિનંદન



પરીખ સોનલ યોગેન્દ્રભાઇ
૫૨૫/૬૦૦ ૮૭.૫૦%
ગુણ મેળવી કેન્દ્રમાં દસમો નંબર મેળવે છે.
અભિનંદન

### ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા



સામાન્ય પ્રવાહ
પાલખીવાળા જાનકી અશ્વિનભાઈ
૪૫૮/૬૦૦ ૭૬.૩૩%ગુણ મેળવી અમદાવાદ કેન્દ્રમાં સાતમો નંબર મેળવે છે.
અભિનંદન.



વિજ્ઞાન પ્રવાહ
વ્યાસ સોનલ ચૈતન્યભાઇ
૬૭૪/૮૦૦ ૮૪-૨૫%
ગુણ મેળવી બોર્ડમાં પાંચમો અને કેન્દ્રમાં ચોથો નંબર પ્રાપ્ત કરે છે. અભિનંદન

ગુજરાત બાયોસાયન્સ સોસાયટીતરફથી યોજાયેલ નિબંધ સ્પર્ધામાં શાળાનાં ધોરણ ૧૦માં ભણતાં શ્રી રૂપલ અમીનને બીજું ઈનામ મળે છે તે માટે તેમને અભિનંદન

તા. ૭-૭-૮૪ ના રોજ ૧૯૮૪-૮૫ માટેના મહામંત્રીની ચૂંટણી થઇ જેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું છે.

ધોરણ ૮-૯

મહામંત્રી ભાઇઓ પારસ ત્રિવેદી ૯ क
બહેનો-તન્વી શાહ ૯ ब
ઉપમંત્રી ભાઇઓ-ડિમ્પલ પારેખ ૯ क
બહેનો-નિમિતા શાહ ૯ क

ધોરણ ૫ થી ૭

મહામંત્રી ભાઇઓ દ્વિવેદીયા વિવેક ૭ ब
બહેનો શાહ નીપા ૭ ब
ઉપમંત્રી ભાઇઓ દેસાઈ સૌમિલ ૭ अ
શાહ દેવલ ૭ ब
બહેનો દલાલ સજની ૭ अ
શુકલ અપરાજિતા ૭ ब

ઇતર પ્રવૃતિઓને અનુલક્ષીને આંતરગૃહનાં નેતાઓની નિમણુંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ગીતગોવિંદ-ભાઈઓ | | પ્રણવ શાહ ૯ अ |
| | બહેનો | રૂપાલી શાહ ૯ अ |
| મેઘદૂત | ભાઈઓ | મીતેષ ભાવસાર ૯ अ |
| | બહેનો | સમકિતા શાહ ૯ अ |
| ચંદ્રમૌલી | ભાઈઓ | બીજલ શાહ ૯ क |
| | બહેનો | કેના ઝવેરી ૯ ब |
| પદ્મપૂકુર | ભાઈઓ | સંજય ઝાલા ૯ क |
| | બહેનો | દીપા તેલી ૯ क |

તા ૧૬-૭-૮૪ થી શાળામાં ધોરણ ૯ અને ૧૧નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે કોમ્પ્યુટરનાં ખાસ વર્ગો શરૂ કરવામાં આવ્યાં છે. જેનું સંચાલન શ્રી ઉદયનભાઇ શાહ કરી રહ્યાં છે.

અનુસંધાન પાન- ૩ ઉપર

**AMA ASSOCIATES**
Dealer and Commision agent of Fibre and Filament yarn
'Shanti Chamber' Opp. Dinesh Hall, Navarang pura, Ahmedabad-380009 નાં સૌજન્યથી...

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિતુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય વિકાસગૃહ. અમદાવાદ-૭ ટે. નં. ૪૧૨૭૮૮